


કૃષિ ઉત્પાદન અને


# બજાર દર્શન

કૃષિ ઉદય...

અંક : ૧ ખંડ : ૫ નવેમ્બર ૨૦૧૫

## કઠોળના ભાવ કેમ બમણા થઈ ગયા છે?

ભારત પ્રતિવર્ષ લગભગ ૨૩ મિલિયન મેટ્રિક ટન કઠોળનો ઉપભોગ કરે છે. આ કઠોળમાં વિવિધ જાતોનો સમાવેશ થાય છે જેમ કે ચણા, તુવેર, મગ, અડદ વગેરેનો સમાવેશ થાય છે. દેશમાં કઠોળ એ ખૂબ જ મોટી સંખ્યામાં લોકોનો પ્રોટીનનો મુખ્ય સ્ત્રોત છે. પ્રતિ ૧૦૦ ગ્રામ કઠોળમાંથી લગભગ ૩૨ ગ્રામ પ્રોટીન અને અનેક એમિનો એસિડનો સમાવેશ થાય છે કે જે શરીરમાં બનતા નથી તેથી તે ભારતીય ખોરાકનો એક અગત્યનો ભાગ છે. સ્વાભાવિક રીતે, ભારત વિશ્વમાં કઠોળનો સૌથી મોટો ઉત્પાદક (વિશ્વના કુલ ઉત્પાદનના ૨૫.૫ ટકા) અને વપરાશકાર દેશ છે. તેમ છતાં ભારતમાં કઠોળનું ઉત્પાદન ૧૯૭૫-૭૬ થી ૨૦૦૯-૧૦ દરમિયાન ૧૩-૧૪ મિલિયન ટનની આસપાસ સ્થિર રહ્યું હતું. પરંતુ તેમાં છેલ્લાં ત્રણ-ચાર વર્ષ દરમિયાન થોડો વધારો જોવા મળ્યો છે (૨૦૧૦-૧૧ થી ૨૦૧૩-૧૪ દરમિયાન ૧૮-૧૯ મિલિયન ટન). ઉત્પાદન અને વપરાશ વચ્ચેની ખાધ આયાત દ્વારા પૂરી કરવામાં આવે છે જેમાં મુખ્યત્વે કેનેડા, મ્યાનમાર, ઓસ્ટ્રેલિયા અને કેટલાંક આફ્રિકન દેશોમાંથી આયાત કરવામાં આવે છે.




લોકોમાં કઠોળનું સમતોલન જાળવવા માટે વિશાળ ખર્ચ કરવામાં આવે છે. કુલ ખર્ચમાં, કઠોળ પર થતા ખર્ચમાં ઘટાડા સાથે (૧૯૮૭-૨૦૧૦ દરમિયાન ગ્રામ્યમાં ૦.૩ ટકા અને શહેરી વિસ્તારમાં ૦.૭ ટકા હિસ્સો) પ્રતિ દિન માથાદીઠ કઠોળની ઉપલબ્ધિમાં છેલ્લાં કેટલાંક દાયકાઓથી એકધારો ઘટાડો જોવા મળેલ છે (૧૯૫૧ માં ૬૧ ગ્રામથી ઘટીને ૨૦૧૩ માં ૪૨ ગ્રામ) જેનું મુખ્ય કારણ કઠોળનું નીચું ઉત્પાદન છે.

અધ્યક્ષ :
ડૉ. હરીશ પાઢ

માનનીય સલાહકાર :
ડૉ. મહેશ પાઠક

મુખ્ય સંપાદક :
ડૉ. એસ. એસ. કલમકર

સહસંપાદક :
ડૉ. એચ. પી. ત્રિવેદી
ડૉ. ડી. જે. ચૌહાણ


સંપાદક :
ડૉ. હેમંત શર્મા

વિષય સંપાદક :
ડૉ. એમ. એન. સ્વેન
ડૉ. એસ. આર. ભૈયા
શ્રી એમ. મકવાણા

પ્રસાર પ્રભારી :
શ્રી દીપ કે. પટેલ

પ્રકાશક :
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર,
એસ.પી. યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
આણંદ, ગુજરાત
E-mail:
director.aerc@gmail.com
website: www.aercspu.ac.in


આ વર્ષે કઠોળના સમતોલનમાં ખૂબ જ મોટો ચડાવ-ઉતાર જોવા મળેલ છે. ૨૦૧૪-૧૫ માં કઠોળનું ઉત્પાદ્દન ૧૭.૪ મિલિયન મેટ્રિક ટન હતું કે જે અગાઉના વર્ષ કરતાં ૧.૯ મિલિયન મેટ્રિક ટન ઓછું/ઘટાડો અથવા ૧૦ ટકા જેટલો ઘટાડો નોંધાયો હતો. આ માટેના મુખ્ય કારણોમાં કમોસમી વરસાદ, જીવાતો અને બિન-નફાકારક (નીચા) ભાવો સહિત આયાત ડ્યૂટીમાં અસમાનતા વગેરે હતા.




સ્થાનિક અને વૈશ્વિક કક્ષાના સંગ્રહખોરી/સટ્ટાખોરી કરતાં વેપારીઓની અટકાયત કરવાનો સમય આવી ગયો છે. જે ભાવવધારાને ઉત્તેજન આપે છે. કઠોળ સ્ટોક બજારનાં એવા અહેવાલો છે કે બંદરો પરના વખારોમાં સંગ્રહ કરેલ જથ્થાને એવી રીતે કાઢવામાં આવે છે જે ભાવવધારાને ઉત્તેજન આપે છે. ભારત દેશ કઠોળ આયાત બજારમાં એક મુખ્ય રાષ્ટ્ર હોવાથી નિકાસકારો કઠોળ ઉત્પાદક રાષ્ટ્રો જેવા કે કેનેડા (લીનટીલ અને મસુર માટે), મ્યાનમાર (તુવેર/અરહર માટે), ઓસ્ટ્રેલિયા (ચણા/કાબૂલી ચણા માટે) સાથે મળી કઠોળના ભાવોમાં વધારો કરે છે.

એક અહેવાલ અનુસાર ૨૦૧૪-૧૫ માં ભારતે લગભગ ૪.૫ મિલિયન મેટ્રિક ટન કઠોળની આયાત કરી છે કે જે અગાઉના વર્ષની સરખામણીમાં લગભગ ૨૨ ટકા જેટલી વધારે છે. તાજેતરમાં, કૃષિ મંત્રાલયના અહેવાલ અનુસાર, ઓક્ટોબર-૨૦૧૪ અને ઓગસ્ટ-૨૦૧૫ ની વચ્ચે આંતરરાષ્ટ્રીય ભાવ, ચણામાં ₹ ૩૨ પ્રતિ કિલોથી વધીને ₹ ૫૦ પ્રતિ કિલો, મસુરમાં ₹ ૫૬ પ્રતિ કિલોથી વધીને ₹ ૭૫ પ્રતિ કિલો, તુવેરમાં ₹ ૪૦ પ્રતિ કિલોથી વધીને ₹ ૯૦ પ્રતિ કિલો અને અડદમાં ₹ ૫૦ પ્રતિ કિલોથી વધીને ₹ ૭૭ પ્રતિ કિલો જેટલો વધારો નોંધાયેલ છે.

Fig. Export and Imports of Total Pulses - 1990-91 to 2013-14





ભારત સરકારે આંતરરાષ્ટ્રીય બજારમાં લગભગ ૭૦૦૦ મેટ્રીક ટન કઠોળ આયાત કરવાની માંગ મૂકી છે. સાથે સાથે દેશમાં વધતાં જતાં ભાવોને અંકુશીત કરવા માટે ₹ ૫૦૦ કરોડ ફંડ બંદરોથી છૂટક વેપાર સુધીના પરિવહન ખર્ચમાં રાહત આપેલ છે. પણ આ રીતે પ્રતિદિન ૬૦૦૦ મેટ્રીક ટન કઠોળ ઉપભોગ કરતાં દેશમાં ભાગ્યે જ ભાવ નીચે લાવવા માટેની અપેક્ષા કરી શકાય તેમ છે.


નિષ્ણાંતોના મંતવ્ય અનુસાર ભાવિ અપેક્ષિત કઠોળની જરૂરિયાત પૂરી કરી શકે તે માટે નવા બીજ, સારી જંતુનાશક પદ્ધતિઓ/દવાઓ, પ્રોત્સાહક આધાર ભાવો અને સારી આયોજિત સંતુલિત બજાર વ્યવસ્થા કઠોળ માટે નવા પ્રોત્સાહન બની શકે, નહિતર ભારત આગામી વર્ષોમાં પ્રોટીન ક્ષેત્રે દુકાળનો સામનો કરશે.

# કઠોળમાં સમર્થન મૂલ્ય સહાય કરતા વધારે મદદની જરૂરિયાત

૨૦૦૦-૦૧ થી ૨૦૧૪-૧૫ દરમિયાન ડાંગર અને ઘઉંની સરખામણીમાં કઠોળનાં પાકમાં ન્યૂનતમ સમર્થન મૂલ્યમાં સૌથી વધારે નોંધપાત્ર વધારો થયો છે. તુવેર અને અડદના પ્રતિ ક્વિન્ટલના ન્યૂનતમ સમર્થન મૂલ્યમાં ₹ ૧૨૦૦ થી ₹ ૪૬૨૫ જ્યારે મગમાં ₹ ૧૨૦૦ થી વધીને ₹ ૪૮૫૦ જેટલો વધારો થયો છે. અનેક અભ્યાસો સૂચવે છે કે નીચી ઉત્પાદ્કતા અને નબળી બજાર વ્યવસ્થા એ કઠોળના નીચા ઉત્પાદ્ન માટેનાં જવાબદાર મુખ્ય કારણો છે.




- હરિયાળી ક્રાંતિ દરમિયાન આધુનિક ટેકનોલોજીના વિકાસના કારણે ઘઉં અને ડાંગરની ઉત્પાદકતામાં ખૂબ જ મોટો વધારો જોવા મળેલ છે. પરંતુ આવા કોઇ સઘન સંશોધન અને વિકાસનાં પગલાં કઠોળનાં પાક તરફ વધુને વધુ નિર્દેશિત કરવામાં આવેલ નથી.
- આ ઉપરાંત કઠોળ પાક ઓછી ફળદ્રુપ જમીન હેઠળ મોટે ભાગે વધુ ઉગાડવામાં આવવાથી ઉત્પાદકતામાં ઘટાડો થાય છે.
- કઠોળ પાકોમાં સિંચાઇ હેઠળનો વિસ્તાર ખૂબ જ મર્યાદિત (૨૦૧૧-૧૨ માં ૨૪.૪૬ મિલિયન હેક્ટરના માત્ર ૧૬.૧ ટકા) છે અને તેથી ભારતમાં તેની હેક્ટર દીઠ ઉત્પાદ્કતા પણ ખૂબ જ નીચી છે.
- નબળી સંગ્રહવ્યવસ્થા એ માત્ર ફરજિયાત વેચાણ તરફ દોરી જાય છે એટલું જ નહિ પરંતુ કઠોળ પાકોની ખેતી પ્રત્યે ખેડૂતોને નિરૂત્સાહી બનાવીદે છે.




- ડાંગર અને ઘઉંના પાકોની જેમ ખેડૂતોના કઠોળના પાકોમાં રસનું રક્ષણ કરવા માટે સારી સુવિધાઓ નિશ્ચિત બજાર, સુવ્યવસ્થિત બજાર માહિતી, સંગ્રહ વ્યવસ્થા લાવવાની જરૂરિયાત છે.

સ્થાનિક કક્ષાએ વધુ ઘરગથ્થું માંગ અને નિકાસ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોવાથી વિશ્વમાં કઠોળનાં સૌથી મોટા ઉત્પાદક હોવા છતાં ભારતમાંથી ખૂબ જ ઓછા પ્રમાણમાં કઠોળની નિકાસ કરવામાં આવે છે. કઠોળની માંગ અને પુરવઠાનું સરવૈયું નીચે ટેબલમાં આપવામાં આવ્યું છે.

Table-1 Demand and Supply Balance Sheet for Pulses (million tonnes)


| Total pulses | 2010-11 | 2011-12 | 2012-13 | 2013-14 | 2014-15 |
|---|---|---|---|---|---|
| Production | 18.24 | 17.09 | 18.34 | 19.25 | 17.38 |
| Imports | 2.78 | 3.50 | 3.80 | 3.70 | 4.50 |
| Total supply | 21.02 | 20.59 | 22.14 | 22.95 | 21.88 |
| Total Export | 0.21 | 0.18 | 0.20 | 0.20 | 0.23 |
| Domestic Use | 20.81 | 20.42 | 22.15 | 23.07 | 21.58 |
| Total utilization | 21.02 | 20.59 | 22.35 | 23.27 | 21.81 |
| % imports to production | 15.24 | 20.48 | 20.72 | 19.22 | 25.89 |

# ૧૩ રાજ્યોમાં દરોડા પાડ્યા બાદ સંગ્રહખોરો પાસેથી જપ્ત કરવામાં આવેલો લગભગ ૭૫૦૦૦ ટન જેટલો કઠોળનો જથ્થો......

કઠોળનાં છૂટક ભાવ ₹ ૨૧૦ પ્રતિ કિલોએ પહોંચી ગયા હતા અને ખૂબ ઝડપથી ઉંચે જતા આ ભાવોને નિયંત્રિત કરવા માટેના પગલાંના ભાગ તરીકે ૧૩ રાજ્યોમાં દરોડા પાડીને કઠોળનાં સંગ્રહખોરો પાસેથી લગભગ ૭૫૦૦૦ ટન જેટલો કઠોળનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.

અત્યાર સુધીમાં જપ્ત કરવામાં આવેલ કઠોળનાં કુલ ૭૪૮૪૬.૩૫ ટન પૈકી સૌથી વધુ જથ્થો મહારાષ્ટ્રમાંથી ૪૬૩૯૭ ટન, ત્યાર બાદ કર્ણાટકમાંથી ૮૭૫૫.૩૪ ટન, બિહારમાંથી ૪૯૩૩.૮૯ ટન, છત્તીસગઢમાંથી ૪૫૩૦.૩૯ ટન, તેલંગાનાથી ૨૫૪૬ ટન, મધ્ય પ્રદેશમાંથી ૨૨૯૫ ટન અને રાજસ્થાનમાંથી ૨૨૨૨ ટન જેટલો જથ્થો સંગ્રહખોરો પાસેથી જપ્ત કરવામાં આવ્યો છે.

૨૦૧૪-૧૫ ના પાક વર્ષમાં અપૂરતા અને કમોસમી વરસાદને કારણે સ્થાનિક ઉત્પાદનમાં ૨ મિલિયન ટન જેટલો ઘટાડો નોંધાયો હોવાથી દેશમાં દાળની કિંમતમાં વધારો થયો છે. વધુમાં વૈશ્વિક બજારોમાં પણ કઠોળનો પુરવઠો મર્યાદિત છે.




ઉપભોક્તા મંત્રાલયના આંકડા મુજબ, ગઇકાલે દાળનો છૂટક ભાવ પ્રતિ કિલો ₹ ૨૧૦ જેટલો ઉંચો રહ્યો હતો. અડદનું પ્રતિ કિલો ₹ ૧૯૦, મગદાળનું પ્રતિ કિલો ₹ ૧૩૦, મસૂર દાળનું પ્રતિ કિલો ₹ ૧૧૦ અને ચણાનું પ્રતિ કિલો ₹ ૮૫ ની કિંમતે વેચાણ કરવામાં આવ્યું હતું. બજારમાં કઠોળ વ્યાજબી ભાવોએ ઉપલબ્ધ બની રહે તે માટે કેન્દ્ર સરકાર દ્વારા મિલનાં માલિકો, જથ્થાબંધ વેપારીઓ અને છૂટક વેપારીઓ સાથે બેઠક યોજવાનું જણાવવામાં આવ્યું છે. ઉપભોક્તા મંત્રાલયે આ અંગે વધુમાં એમ પણ ઉમેર્યુ છે કે કેટલાંક રાજ્યોએ આ દિશામાં પ્રયાણ કરી દીધુ છે. રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશો સાથેના સંપર્ક દરમિયાન કેન્દ્ર દ્વારા જણાવવામાં આવ્યું છે કે કેટલાંક રાજ્યો દ્વારા રેશન દુકાનો મારફતે વ્યાજબી ભાવે/કિંમતે કઠોળનું વિતરણ કરવામાં આવે છે કે જેનાં કારણે ભાવો સ્થિર થવામાં મદદ મળી છે અને અન્ય રાજ્યોએ આ પ્રકારના પગલાં ધ્યાનમાં લેવા જોઇએ.

બુક પોસ્ટ

પ્રતિ શ્રી

___________________________

___________________________

___________________________

___________________________

___________________________

મોકલનાર:
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર
ગુજરાત અને રાજસ્થાન રાજ્યો માટે
(કૃષિ મંત્રાલય, ભારત સરકાર)
એચ. એમ. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ રૂરલ ડેવલપમેન્ટ,
નંદાલય હવેલીની સામે, પોસ્ટ બોક્સ નંબર ૨૪,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦, આણંદ, ગુજરાત
ફોન : +૯૧-૨૬૯૨-૨૩૦૧૦૬, ૨૩૦૭૯૯
ફેક્સ : +૯૧-૨૬૯૨-૨૩૩૧૦૬

Lajja : 02692-233864

Acknowledged the information used/taken from the public domain